# ગુજરાતમાં ધરતીકંપ





ધરતી ધ્રૂજી ઊઠે તેને ધરતીકંપ અથવા ભૂકંપ કહેવાય છે. ભૂકંપના જોરદાર આંચકાથી મકાનો, ગગનચુંબી ઈમારતો અને વર્ષો-જૂનાં ભવ્ય સર્જનો ધરતીકંપના એક આંચકાથી તૂટી પડે છે. ધરતીકંપથી શહેરો ખંડેરોમાં પલટાઈ જાય છે. જમીનમાં અને રસ્તાઓમાં મોટી તિરાડો પડે છે. ક્યારેક ગામ પણ દટાઈ જાય છે. હજારો માણસો મૃત્ય પામે છે. કેટલાંય લોકો ઘાયલ અને અપંગ થઈ જાય છે. હજારો લોકો ઘરબાર વગરના અને નિરાધાર થઈ જાય છે.





આવો એક ભયંકર ધરતીકંપ તારીખ ૨૬મી જાન્યુઆરી ૨૦૦૧ના રોજ, ભારતના ૫૧મા પ્રજાસતાક દિનની ઉજવણીના પ્રારંભે સવારના ૮.૪૬ મિનિટે ગુજરાતમાં થયો હતો. આ ધરતીકંપનું મધ્યબિંદુ કચ્છનાં પાટનગર ભુજમાં હતું જ્યાંથી તેની શરૂઆત થઈ હતી. રિકટર સ્કેલ ઉપર આશરે ૭.૯ (૭ પૂર્ણાંક ૯ દશાંશ) દર્શાવતા આ દોઢ મિનિટ ચાલેલ ધરતીકંપ એટલો મોટો હતો કે ભુજ શહેર નામ પૂરતું થોડું જ બચ્યું હતું. જ્યાં જુઓ ત્યાં જોતજોતામાં કેટલાંય મકાનો ધરાશયી થઈ ગયાં હતાં.








બહુમાળી મોટાં મકાનો પડી જતાં કાટમાળના ઢગ ખડકાઈ ગયા. કોઈ મકાનો એક બાજુ ઢળી પડયાં તો કોઈમાં મોટી તિરાડો પડી. જે જે વિસ્તારમાં ધરતીકંપની અસર થઈ ત્યાં વીજળી, પાણી અને ટેલિફોનનાં જોડાણ કપાઈ ગયાં.

બે ઘડીમાં તો હજારો લોકો મૃત્ય પામ્યાં. બચેલાં કેટલાંય લોકોને ઈજા થઈ. કોઈ કોઈ સ્થળેથી કાટમાળ નીચેથી ત્રણ-ચાર દિવસ પછી પણ કોઈ જીવતું મળી આવતું હતું.





ધરતીકંપ પહેલાં ભુજની જેલ ગુજરાતમાં સૌથી વધુ સુરક્ષિત મનાતી. ત્યાંથી ધરતીકંપનો લાભ લઈને ૨૭૫ કેદીઓ નાસી ગયા હતા.

કચ્છનાં લગભગ બધાં ગામોને ઘણું નુકસાન થયું હતું. ‘હમ દીલ દે ચૂકે સનમ’ અને અમીર ખાનની અતિ લોકપ્રિય ‘લગાન’ જેવાં ચલચિત્રોનાં કેટલાય દૃશ્યો કચ્છમાં બનાવવામાં આવ્યાં હતાં. આ સ્થળો ખંડેર જેવાં બની ગયાં હતાં.





લોકો આ અણધાર્યા બનાવથી સ્તબ્ધ થઈ ગયાં અને ગભરાઈ ગયાં. તેથી શું કરવું તેનો કંઈ ખ્યાલ આવતો ન હતો. જે મકાનો ઊભાં હતાં તેમાં તિરાડો પડી હતી એટલે લોકો તેમાં રહેવા જતાં ડરતાં હતાં. તે ઉપરાંત આંચકા તો ઘણો સમય ચાલુ જ હતા, તેથી લોકો કેટલાય દિવસો સુધી શિયાળાની કડકડતી ઠંડીમાં બહાર ખુલ્લાં મેદાનમાં કે તંબુમાં સૂતાં હતાં.



જે લોકો ઘરબાર વગરનાં થઈ ગયાં અને જેઓને ઈજા થઈ હતી તેઓ માટે ભારત અને દુનિયાના અનેક દેશોએ જરૂરી વસ્તુઓ, કપડાં, દવાઓ, રહેવા માટે તંબુઓ અને ઓઢવા માટે ધાબળાઓ મોકલ્યાં હતાં.

બ્રિટનમાં રહેતાં નાનાં મોટાં ગુજરાતીઓએ ભેગાં મળીને રાહત કાર્ય માટે કપડાં, દવાઓ, અન્ય સાધન-સામગ્રી અને પૈસા ઉઘરાવવાનું કામ તાત્કાલિક શરૂ કરી દીધું હતું. નિશાળોમાં અને યુનિવર્સીટીઓમાં વિદ્યાર્થીઓએ, તેમજ નોકરી કરતાં લોકોએ પોતાની ઑફિસોમાં ખૂબ મહેનત કરી ઘણું રાહત-ભંડોળ ભેગું કર્યું હતું. ગુજરાતી સંસ્થાઓએ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરી ભંડોળ એકઠું કર્યું હતું. નાતજાત અને ધર્મના ભેદભાવ ભૂલી જઈ બ્રિટનનાં અનેક વર્ણનાં લોકોએ પણ આ માનવતાના કાર્યમાં ઘણો સહકાર આપ્યો હતો.

૨૬મી જાન્યુઆરી ૨૦૦૧ના ભૂકંપે લોકોના ઘરબાર, ઈસ્પિતાલો, નિશાળો વગેરે સાથે લોકોના કામધંધા અને રોજગારને પણ ધરાશયી કરી નાખ્યાં હતાં.

આજે પણ ૨૬મી જાન્યુઆરી ૨૦૦૧ના ભૂકંપનાં દૃશ્યો યાદ આવે છે, ત્યારે જે લોકોએ પોતાનાં સ્વજનોને ગુમાવ્યાં હતાં અને ઘરબાર વિનાનાં થઈ ગયાં હતાં, તેઓની આંખો ભીની થયા વગર રહેતી નથી.

ધરતીકંપની બરબાદીને હવે ઈતિહાસ ગણીને કચ્છનાં વતનીઓ આગળ ચાલવા માંડયાં છે.

# ગુજરાતમાં ધરતીકંપ

## શબ્દો

| | |
|---|---|
| ધરતી | earth, land |
| આંચકાઓ | tremors |
| ધુજી ઊઠે | shakes |
| ગગનચુંબી ઈમારતો | sky high buildings or sky scrapers |
| ખંડેર | ruins of a building |
| પલટાઈ જાય છે | are transformed/turned into |
| તિરાડો | cracks |
| દટાઈ જાય છે | are buried |
| ઘાયલ થાય છે | are injured |
| અપંગ | disabled |
| ઘરબાર વગરના | homeless |
| નિરાધાર | destitute |
| ભયંકર | terrible |
| પ્રારંભે | at the commencement of |
| મધ્યબિંદુ | epicentre |
| પાટનગર | capital city |
| ૭ પૂર્ણાંક ૯ દશાંશ | 7.9 |
| ધરાશયી | crumbled to the ground |
| બહુમાળી | multi-storey |
| ઢગ | heap |
| કાટમાળ | rubble of fallen building |
| ખડકાઈ ગયા | were piled |
| વીજળી | electricity |
| જોડાણ | connection |

| | |
|---|---|
| ઈજા થઈ | were injured/sustained injury |
| સુરક્ષિત જેલ | secure prison |
| કેદીઓ | prisoners |
| લાભ લેવો | take advantage of |
| નાસી ગયા | escaped |
| દૃશ્ય | scene |
| અણધાર્યા | unexpected |
| સ્તબ્ધ થઈ ગયાં | were stunned |
| કડકડતી ઠંડી | very or freezing cold |
| ધાબળા | blankets |
| રાહત કાર્ય | relief work |
| સાધન-સામગ્રી | equipment |
| તાત્કાલિક | immediately |
| રાહત-ભંડોળ | relief fund |
| ઊઘરાવવાનું | to collect |
| નાતજાત | race or creed |
| ભેદભાવ | differences |
| વર્ણ | caste, community |
| માનવતાનાં કાર્યમાં | in humanitarian work/cause |
| સહકાર | support |
| રોજગાર ધરાશયી કરી નાખ્યા | destroyed the jobs |
| આંખો ભીની થાય છે | feel sad |
| બરબાદી | destruction |
| કચ્છનાં વતનીઓ | inhabitants of Kutch |
| આગળ ચાલવા માંડયાં છે | are moving forward |

# ગુજરાતમાં ધરતીકંપ

## Reading

### નીચેના સવાલોના ટૂંકમાં જવાબ લખો.

૧. ભૂકંપ શેને કહેવાય છે?

૨. ધરતીકંપથી શું શું નુકસાન થાય છે?

૩. ગુજરાતમાં થયેલ ધરતીકંપની મકાનો પર કેવી અસર થઈ હતી?

૪. ધરતીકંપથી કચ્છના લોકોની કેવી હાલત થઈ હતી?

૫. તેનાથી તેઓએ કેવી લાગણી અનુભવી હતી?

૬. લોકો બહાર શા માટે સૂતાં હતાં?

૭. ધરતીકંપમાં બચેલાં લોકોની રાહત માટે કઈ કઈ વસ્તુઓ મોકલવામાં આવી હતી?

૮. બ્રિટનમાં લોકોએ કેવી રીતે મદદ કરી હતી?

૯. ધરતીકંપથી લોકોની રોજગારી પર શી અસર થઈ હતી?

૧૦. બે વર્ષ પછી પણ ધરતીકંપને યાદ કરતાં લોકો કેવી લાગણી અનુભવે છે?

# ગુજરાતમાં ધરતીકંપ

## Listening Exercises

### Listening Exercise 1

### સવાલ ૧ થી ૪

ગુજરાતમાં એક ભયંકર ધરતીકંપ તારીખ ર૬મી જાન્યુઆરી ૨૦૦૧ના, ભારતના ૫૧મા પ્રજાસતાક દિનની ઉજવણીના પ્રારંભે સવારના ૮.૪૬ મિનિટે ગુજરાતમાં થયો હતો. આ ધરતીકંપનું મધ્યબિંદુ કચ્છનાં પાટનગર ભુજમાં હતું જયાંથી તેની શરૂઆત થઈ હતી. રિકટર સ્કેલ ઉપર આશરે ૭.૯ (૭ પૂર્ણાંક ૯ દશાંશ) દર્શાવતા આ દોઢ મિનિટ ચાલેલ ધરતીકંપ એટલો મોટો હતો કે ભુજ શહેર નામ પૂરતું થોડું જ બચ્યું હતું. જ્યાં જુઓ ત્યાં જોતજોતામાં કેટલાંય મકાનો ધરાશયી થઈ ગયાં હતાં.

### સવાલ ૫ થી ૧૦

બે ઘડીમાં તો હજારો લોકો મૃત્ય પામ્યા. બચેલા કેટલાય લોકોને ઈજા થઈ. કોઈ કોઈ સ્થળેથી કાટમાળ નીચેથી ત્રણ-ચાર દિવસ પછી પણ કોઈ જીવતું મળી આવતું હતું.

ધરતીકંપ પહેલાં ભુજની જેલ ગુજરાતમાં સૌથી વધુ સુરક્ષિત મનાતી. ત્યાંથી ધરતીકંપનો લાભ લઈને ૨૭૫ કેદીઓ નાસી ગયા.

કચ્છનાં લગભગ બધાં ગામોને ઘણું નુકસાન થયું હતું. ‘હમ દીલ દે ચૂકે સનમ’ અને અમીર ખાનની અતિ લોકપ્રિય ‘લગાન’ જેવાં ચલચિત્રોનાં કેટલાય દૃશ્યો કચ્છમાં બનાવવામાં આવ્યાં હતાં. આ સ્થળો ખંડેર જેવાં બની ગયાં.

ધરતીકંપના આંચકા તો ઘણો સમય ચાલુ જ હતા, તેથી લોકો કેટલાય દિવસો સુધી શિયાળાની કડકડતી ઠંડીમાં બહાર ખુલ્લાં મેદાનમાં કે તંબુમાં સૂતાં હતાં.

જે લોકો ઘરબાર વગરનાં થઈ ગયાં અને જેઓને ઈજા થઈ હતી તેઓ માટે ભારત અને દુનિયાના અનેક દેશોએ જરૂરી વસ્તુઓ, કપડાં, દવાઓ, રહેવા માટે તંબુઓ અને ઓઢવા માટે ધાબળાઓ મોકલ્યાં હતાં.

# ગુજરાતમાં ધરતીકંપ

## Listening exercise 1

### ખરા જવાબ સામે ✓ નિશાની કરો

| | | | |
|---|---|---|---|
| ૧. | ભૂકંપનું મધ્યબિંદુ ક્યાં હતું? | ☐ | અમદાવાદ |
| | | ☐ | રાજકોટ |
| | | ☐ | ભુજ |
| ૨. | ગુજરાતમાં ધરતીકંપ ક્યારે થયો હતો? | ☐ | ૨૬ જાન્યુઆરી ૨૦૦૨ |
| | | ☐ | ૨૬ જાન્યુઆરી ૨૦૦૧ |
| | | ☐ | ૨૬ ફેબ્રુઆરી ૨૦૦૨ |
| ૩. | તે ક્યો દિવસ હતો? | ☐ | આઝાદી દિન |
| | | ☐ | પ્રજાસતાક દિન |
| | | ☐ | ગાંધી જયંતિ |
| ૪. | આ ધરતીકંપ કેટલો સમય ચાલ્યો હતો? | ☐ | દોઢ મિનિટ |
| | | ☐ | અઢી મિનિટ |
| | | ☐ | એક મિનિટ |
| ૫. | ગુજરાતની સૌથી સુરક્ષિત જેલ ક્યાં હતી? | ☐ | રાજકોટમાં |
| | | ☐ | ભુજમાં |
| | | ☐ | અમદાવાદમાં |
| ૬. | ધરતીકંપથી આ જેલમાં કેદી હતા તેનું શું થયું? | ☐ | ભાગી ગયા |
| | | ☐ | પકડાઈ ગયા |
| | | ☐ | મારામારી કરી |
| ૭. | ધરતીકંપ થયો ત્યારે કઈ ઋતુ ચાલતી હતી? | ☐ | ચોમાસુ |
| | | ☐ | શિયાળો |
| | | ☐ | ઉનાળો |
| ૮. | ધરતીકંપના થોડા સમય પહેલાં કયું લોકપ્રિય ચલચિત્ર કચ્છમાં બનાવાયું હતું? | ☐ | દેવદાસ |
| | | ☐ | તાલ |
| | | ☐ | લગાન |
| ૯. | આ ફિલ્મ કોણે બનાવી હતી? | ☐ | શારૂખ ખાને |
| | | ☐ | અમીર ખાને |
| | | ☐ | સલમાન ખાને |
| ૧૦. | પરદેશથી લોકોએ રહેવા માટે શું મોકલાવ્યું હતું? | ☐ | મકાન |
| | | ☐ | ઈમારત |
| | | ☐ | તંબુ |

# Listening Exercises - contd

## Exercise 2

### સવાલ ૧ થી ૪

ધરતી ધ્રુજી ઊઠે તેને ધરતીકંપ અથવા ભૂકંપ કહેવાય છે. ભૂકંપના જોરદાર આંચકાથી મકાનો, ગગનચુંબી ઈમારતો અને વર્ષો-જૂનાં ભવ્ય સર્જનો ધરતીકંપના એક આંચકાથી તૂટી પડે છે. ધરતીકંપથી શહેરો ખંડેરોમાં પલટાઈ જાય છે. જમીનમાં અને રસ્તાઓમાં મોટી તિરાડો પડે છે. ક્યારેક ગામ પણ દટાઈ જાય છે. હજારો માણસો મૃત્ય પામે છે. કેટલાંય લોકો ઘાયલ અને અપંગ થઈ જાય છે. હજારો લોકો ઘરબાર વગરના અને નિરાધાર થઈ જાય છે.

આવો એક ભયંકર ધરતીકંપ તારીખ ૨૬મી જાન્યુઆરી ૨૦૦૧ના, ભારતના ૫૧મા પ્રજાસતાક દિનની ઉજવણીના દિવસે સવારના ૮.૪૬ મિનિટે ગુજરાતમાં થયો હતો. આ ધરતીકંપનું મધ્યબિંદુ કચ્છનાં પાટનગર ભુજમાં હતું જ્યાંથી તેની શરૂઆત થઈ હતી.

ધરતીકંપથી બહુમાળી મોટાં મકાનો પડી જતાં કાટમાળના ઢગ ખડકાઈ ગયા. કોઈ મકાનો એક બાજુ ઢળી પડયાં તો કોઈમાં મોટી તિરાડો પડી. જે જે વિસ્તારમાં ધરતીકંપની અસર થઈ ત્યાં વીજળી, પાણી અને ટેલિફોનનાં જોડાણ કપાઈ ગયાં.

### સવાલ ૫ થી ૭

બે ઘડીમાં તો હજારો લોકો મૃત્ય પામ્યા. બચેલા કેટલાય લોકોને ઈજા થઈ. કોઈ કોઈ સ્થળેથી કાટમાળ નીચેથી ત્રણ-ચાર દિવસ પછી પણ કોઈ જીવતું મળી આવતું હતું.

ધરતીકંપ પહેલાં ભુજની જેલ ગુજરાતમાં સૌથી વધુ સુરક્ષિત મનાતી. ત્યાંથી ધરતીકંપનો લાભ લઈને ૨૭૫ કેદીઓ નાસી ગયા.

લોકો આ અણધાર્યા બનાવથી સ્તબ્ધ થઈ ગયાં અને ગભરાઈ ગયાં. તેથી શું કરવું તેનો કંઈ ખ્યાલ આવતો ન હતો. જે મકાનો ઊભાં હતાં તેમાં તિરાડો પડી હતી એટલે લોકો તેમાં રહેવા જતાં ડરતાં હતાં. તે ઉપરાંત આંચકા તો ઘણો સમય ચાલુ જ હતા, તેથી લોકો કેટલાય દિવસો સુધી શિયાળાની કડકડતી ઠંડીમાં બહાર ખુલ્લાં મેદાનમાં કે તંબુમાં સૂતાં હતાં.

### સવાલ ૭ થી ૧૦

જે લોકો ઘરબાર વગરનાં થઈ ગયાં અને જેઓને ઈજા થઈ હતી તેઓ માટે ભારત અને દુનિયાના અનેક દેશોએ જરૂરી વસ્તુઓ, કપડાં, દવાઓ, રહેવા માટે તંબુઓ અને ઓઢવા માટે ધાબળાઓ મોકલ્યાં હતાં.

બ્રિટનમાં રહેતા નાનાં મોટાં ગુજરાતીઓએ ભેગા મળીને રાહત કાર્ય માટે કપડાં, દવાઓ, અન્ય સાધન-સામગ્રી અને પૈસા ઉઘરાવવાનું કામ તાત્કાલિક શરૂ કરી દીધું હતું. ગુજરાતી સંસ્થાઓએ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરી ભંડોળ એકઠું કર્યું હતું. નાતજાત અને ધર્મના ભેદભાવ ભૂલી જઈ બ્રિટનનાં અનેક વર્ણનાં લોકોએ પણ આ માનવતાનાં કાર્યમાં ઘણો સહકાર આપ્યો હતો.

# ગુજરાતમાં ધરતીકંપ

## Listening Exercise 2

**નીચે આપેલા શબ્દો યોગ્ય ખાલી જગ્યામાં લખો**

| | | | | |
|---|---|---|---|---|
| ભંડોળ | સુરક્ષિત | તંબુઓ | માનવતાનાં | કડકડતી |
| ધાબળાઓ | ભુજની | ઘરબાર | અણધાર્યા | જોડાણ |
| સંસ્થાઓએ | મેદાનમાં | ખંડેરોમાં | નિરાધાર | મધ્યબિંદુ |

૧. ધરતીકંપથી શહેરો ____________ પલટાઈ જાય છે.

૨. હજારો લોકો ____________ વગરના અને ____________ થઈ જાય છે.

૩. આ ધરતીકંપનું ____________ કચ્છનાં પાટનગર ભુજમાં હતું.

૪. ધરતીકંપની અસર થઈ ત્યાં વીજળી, પાણી અને ટેલિફોનનાં ____________ કપાઈ ગયાં.

૫. ધરતીકંપ પહેલાં ____________ જેલ ગુજરાતમાં સૌથી વધુ ____________ મનાતી.

૬. લોકો આ ____________ બનાવથી સ્તબ્ધ થઈ ગયાં હતાં.

૭. લોકો શિયાળાની ____________ ઠંડીમાં બહાર ખુલ્લાં ____________ કે તંબુમાં સૂતાં હતાં.

૮. અનેક દેશોએ જરૂરી વસ્તુઓ, કપડાં, દવાઓ, રહેવા માટે ____________ અને ઓઢવા માટે ____________ મોકલ્યાં હતાં.

૯. ગુજરાતી ____________ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરી ____________ એકઠું કર્યું હતું.

૧૦. બ્રિટનનાં અનેક વર્ણનાં લોકોએ ____________ કાર્યમાં ઘણો સહકાર આપ્યો હતો.

# ગુજરાતમાં ધરતીકંપ

## Listening Exercises

### Writing Exercise 1

**ગુજરાતમાં થયેલ ભૂકંપમાં રાહત કાર્ય માટે તમારી શાળાએ કે સંસ્થાએ શું શું કર્યું હતું તેનું વર્ણન કરતો પત્ર અમદાવાદમાં રહેતા તમારા મિત્રને આશરે ૧૦૦ શબ્દોમાં લખો.**
**તેમાં નીચેના મુદ્દાઓનો સમાવેશ કરો.**

- ભૂકંપના સમાચાર સાંભળી તમે કેવી લાગણી અનુભવી હતી
- રાહત કાર્ય માટે શું શું કર્યું હતું
- તે માટે કઈ કઈ પ્રવૃતિઓ કરી હતી
- રાહત કાર્ય માટે એકઠી કરેલ વસ્તુઓ કેવી રીતે ભારત મોકલી હતી?

### Writing Exercise 2

**ગુજરાતમાં થયેલ ભૂકંપ વિશે તમારી શાળાના સામયિક માટે આશરે ૧૫૦ શબ્દોમાં એક લેખ લખો. તેમાં નીચેના મુદ્દાઓનો સમાવેશ કરો.**

- ભૂકંપ શેને કહેવાય છે?
- ધરતીકંપથી શું શું નુકસાન થાય છે?
- ગુજરાતમાં થયેલ ધરતીકંપની મકાનો પર કેવી અસર થઈ હતી?
- ધરતીકંપથી કચ્છના લોકોની કેવી હાલત થઈ હતી?
- તેનાથી તેઓએ કેવી લાગણી અનુભવી હતી?
- ધરતીકંપમાં બચેલાં લોકોની રાહત માટે જુદા જુદા દેશોએ કઈ કઈ વસ્તુઓ મોકલી હતી?
- બ્રિટનમાં લોકોએ કેવી રીતે મદદ કરી હતી?
- ધરતીકંપથી લોકોની રોજગારી પર શી અસર થઈ હતી?
- બે વર્ષ પછી પણ ધરતીકંપને યાદ કરતાં લોકો કેવી લાગણી અનુભવે છે?